HFX

2011

ENGLISH

1100005

Seat No. 5

Time : 3 Hours] [Total Marks : 100

**Notes :** (i) Figures to the right indicate marks.

(ii) Clearly mention the questions you attempt.

(iii) The candidates must not disclose their identity or personal details in any manner anywhere in the answer book.

1 Write an essay in about 300 words on any one of the following : 25

(a) The price rise and the common man.

(b) Advertisements : a necessary evil.

(c) My favourite book.

(d) Power corrupts and absolute power corrupts absolutely.

2 Make a precis of the following passage to the one-third of its length and suggest a suitable title. 15

The view that women are better parents than men has shown itself to be true throughout history. This is not to say that men are not of importance in child-rearing; indeed, they are most necessary if children are to appreciate fully the roles of both sexes. Women have, however, proven themselves superior parents as a result of their conditioning, their less aggressive natures and their generally better communication skills.

From the time they are little girls, females learn about nurturing. First with dolls and later perhaps with younger brothers and sisters, girls are given the role of the carer. Girls see their mothers in the same roles and so it is natural that they identify this as a female activity. Boys, in contrast, learn competitive roles far removed from what it means to nurture. While boys may dream of adventures, girls' conditioning makes them tend to see the future in terms of raising families.

Girls also appear to be less aggressive than boys. In adulthood, it is men, not women, who prove to be the aggressors in crime and in war. Obviously, in raising children, a more patient, gentle manner is preferable to a more aggressive one. Although there certainly exist gentle men and aggressive women. By and large, females are less likely to resort to violence in attempting to solve problems.

Finally, women tend to be better communicators than men. This is shown in the intelligence tasks where females, on average do better in verbal communication than males. Of course, communication is of utmost importance in rearing children, as children tend to learn from and adopt the communication styles of their parents.

3 (a) There has been a seminar-cum-workshop in your city on 'Motivating People to Work Well'. As a representative of your company to the seminar, write a report on the seminar-cum-workshop to the manager of the company. **20**

**OR**

(b) As a sales manager, write a letter to the general manager of your company, explaining the reasons of decline in the sales of your company's products.

4 Translate the following passage into Gujarati. **20**

Anyone who lives in a city is aware of the increasing number of cars on the roads and the kinds of problems this creats : traffic jams, air pollution and longer commuting periods. As economies grow and access to cars spreads to increasing numbers of people, this trend is likely to worsen.

The solution, it would seem, is for government to encourage the use of public transport in the urban areas, thus decreasing dependence on cars.

One way to stimulate the public transport use is to make private car use more expensive and inconvenient. The introduction of tolls along the motor ways has been successfully employed in many cities. Other such measures are high-priced permits for car parking and the restriction of parking to a limited number of cars. Faced with high costs or no place for parking, commuters would perhaps be more willing to abandon their cars in favour of buses and trains. Indeed, making the public transport more comfortable and convenient should work to attract more commuters.

5 (a) Fill in the blanks with correct forms of verbs given in the brackets. Rewrite the sentences completely : (any five) 5

(1) When the parents returned, the children ________ TV. (watch)

(2) No, he isn't here. He ________ just ________ out. (go)

(3) I wish I ________ his name. (know)

(4) The farmer ________ wheat in the field last year. (grow)

(5) It ________ since morning. (rain)

(6) The train ________ before I reached the station. (depart)

(7) Wait ill the chief guest ________. (come)

(b) Change the voice of the followings : (any five) 5

(1) I looked after the helpless woman.

(2) Do all the students bring their textbooks ?

(3) Who broke the glass ?

(4) She dislikes smoking.

(5) He turned off the radio.

(6) Why does he write wrong answers ?

(7) Having purchased the tickets. We rested in the garden.

(c) Turn the following dialogue into indirect speech. 5

"Who are you ?" said the Swallow.

"I am the happy prince", the man said.

"Why are you weeping then ?" said the Swallow.

"My heart is moved when I see misery of my people", Said the prince.

(d) Give meanings of the followings and use them in meaningful sentences : (any **three**) 3

(1) to get rid of.

(2) to bring up.

(3) to give up.

(4) wear and tear.

(5) in black and white.

(e) Give antonyms of the followings : (any **four**) 2

(1) legal

(2) adequate

(3) justice

(4) true

(5) polite.

10000159.

HFY

Roll No

2011

સામાન્ય અભ્યાસ

3300016

Time : 3 Hours]

[Total Marks : 100

સૂચનાઓ : (1) પ્રશ્નપત્રમાં કુલ 7 પ્રશ્નો છે.

(2) પ્રશ્ન-1 16 ગુણનો છે, બાકીના દરેક પ્રશ્ન 14 ગુણના છે.

(3) દરેક પ્રશ્નમાં પેટા પ્રશ્ન 2 ગુણનો છે.

(4) દરેક પ્રશ્નનો ઉત્તર ટૂંકમાં અને મુદ્દાસર (ત્રણથી ચાર વાક્યમાં) લખો.

(5) ઉત્તરનું માધ્યમ ગુજરાતી જ રહેશે.

1 (1) ભારતમાં મુખ્ય ખનિજ તેલ ક્ષેત્રો ક્યાં ક્યાં આવેલા છે ?

(2) ગોબર ગેસ વિશે ટૂંકમાં સમજાવો.

(3) ઔદ્યોગિક વિકાસ માટે SIR તથા SEZની અગત્યતા જણાવો.

(4) ખેડા સત્યાગ્રહ વિશે ટૂંકી માહિતી આપો.

(5) કચ્છના રણની વિશિષ્ટતા શું છે ?

(6) સેબી (SEBI) વિષે ટૂંકી સમજ આપો.

(7) કવિ દુલાભાયા કાગનું ગુજરાતી સાહિત્યમાં શું પ્રદાન છે ?

(8) બળવંતરાય મહેતા વિશે સંક્ષિપ્તમાં જણાવો.

2 (1) ભારતના અન્ય રાજ્યોની તુલનાએ જમ્મુ અને કાશ્મીર રાજ્ય કઈ વિશિષ્ટતા ધરાવે છે ?

(2) સત્યાગ્રહ વિશે ટૂંકમાં સમજાવો.

(3) જિલ્લા પંચાયતના મુખ્ય કાર્યો જણાવો.

(4) ભારતના સમવાયતંત્રની વિશેષતાઓ જણાવો.

(5) મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામ રોજગાર યોજના (MGNREGA)નો હેતુ જણાવો.

(6) ગુજરાતના આદિવાસી વિસ્તારોની સમસ્યાઓ જણાવો.

(7) ઋણપત્ર (ડિબેન્ચર) વિશે સમજ આપો

3 (1) કયા ગુજરાતી ક્રાંતિકારીઓએ વિદેશમાં રહીને સ્વાતંત્ર્ય ચળવળ ચલાવી હતી ?

(2) ગાંધીજીએ 1922 માં સવિનય કાનૂનભંગની લડત કેમ પાછી ખેંચી લીધી ?

(3) ભારતની આઝાદીમાં સરદાર વલ્લભભાઈ પટેલના મહત્ત્વના પ્રદાનો કયા છે ?

(4) સુભાષચંદ્ર બોઝે 'આઝાદ હિંદ ફોજ'ની રચના શા માટે અને ક્યાં કરી હતી ?

(5) ભારતની સ્વતંત્રતામાં ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસના લાહોર અધિવેશનનું શું મહત્ત્વ છે ?

(6) ગુજરાતમાં થયેલ નવનિર્માણ આંદોલનની ટૂંકી માહિતી આપો.

(7) અહિંસક લડતમાં ન માનનારા ક્રાંતિકારીઓનો ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં શો ફાળો છે ?

4 (1) વિકિરણ (રેડિએશન) વિશે સમજાવો.

(2) ''ટી-50'' સ્ટીલ્થ લડાયક વિમાન વિશે સમજાવો.

(3) "INSAT" સાથે સંકળાયેલા વિભાગો અને તેમના ઉદ્દેશ્યો સંક્ષિપ્તમાં જણાવો.

(4) "ROSITA ISA" નામની 'ક્લોન કાઉ' (Clone Cow)ની વિશેષતા અને ઉપયોગીતા જણાવો.

(5) સાયબર યુદ્ધ વિશે ટૂંકમાં સમજાવો.

(6) ડૉ. વિક્રમ સારાભાઈનું પ્રદાન જણાવો.

(7) ઉલ્કા વર્ષા શું છે ?

5 (1) પ્રથમ પાંચ અવિભાજ્ય સંખ્યાઓનો સરેરાશ શોધો.

(2) ઈશાન પાસે રૂપિયાના જેટલા સિક્કા છે તેના કરતા 30 વધારે 50 પૈસાના સિક્કા વિશાલ પાસે છે. બંનેના સિક્કાઓ ભેગા કરતા કુલ રૂપિયા 45 થાય છે તો વિશાલ પાસે 50 પૈસાના કેટલા સિક્કા હશે ?

(3) નીચે દર્શાવેલ આકૃતિના આધારે જવાબો આપો.




ઉપરનો π-ગ્રાફ કેન્દ્ર સરકારના રૂ. 3000 કરોડના બજેટના ખર્ચની ફાળવણી દર્શાવે છે.

(i) વ્યાજની ચૂકવણી કેટલા રૂપિયાની કરવાની થશે ?

(ii) વ્યાજની ચૂકવણી કરતા રાજ્યની ગ્રાન્ટ કેટલા રૂપિયા વધારે છે ?

(4) ગાણિતિક શૂન્ય વિશે ટૂંકી સમજૂતી આપો.

(5) એક સિક્કો 1000 વાર ઉછાળતા 455 વાર HEAD અને 545 વાર TAIL જોવા મળ્યા. તો દરેક બનાવ (EVENT)ની સંભાવના શોધો.

(6) બીજગણિતની મદદથી સાદું રૂપ આપો.

$$\frac{4.36 \times 4.36 - 2.34 \times 2.34}{4.36 - 2.34}$$

(7) ક્ષેત્રફળ અને ઘનફળ વિશે સમજ આપો.

6 (1) સાર્વત્રિક પુખ્ત મતાધિકાર એટલે શું ?

(2) ભારતીય નાગરિક પોતાની નાગરિકતા ક્યારે ગુમાવે ?

(3) 42માં બંધારણીય સુધારાનું મહત્ત્વ જણાવો.

(4) ભારતના નાગરિકના મહત્ત્વના બે મૂળભૂત અધિકારોની ટૂંકી સમજ આપો.

(5) બંધારણ સભાએ બ્રિટિશ બંધારણના કયા બે મુખ્ય લક્ષણો ભારતના બંધારણમાં અપનાવ્યા છે ?

(6) ''વોટ ઓન એકાઉન્ટ'' શું છે ?

(7) જાહેર હિસાબ સમિતિ વિશે સમજાવો.

7 (1) તાજેતરની અમેરિકન આર્થિક કટોકટી સમજાવો.

(2) લોકાયુક્તની નિમણુક કઈ રીતે થાય છે ?

(3) શ્રી અન્ના હજારેની કઈ ત્રણ બાબતોને ભારતની સંસદે સર્વાનુમતે, સૈદ્ધાંતિક રીતે સ્વીકારી છે ?

(4) તાજેતરની આરબ ઉત્થાન ચળવળો વિશે ટૂંકી સમજ આપો.

(5) જસ્ટીસ સંતોષ હેગડે વિશે ટૂંકમાં માહિતી આપો.

(6) કેરળનું પદ્મનાભ મંદિર શા માટે પ્રસિદ્ધિ પામ્યું છે ?

(7) તાજેતરમાં જાપાનમાં ન્યુક્લિઅર રેડિએશનનો ખતરો શા માટે ઉદ્ભવ્યો હતો ?

---

**HFW**

**2011**

**GUJARATI / ગુજરાતી**

Seat No. 5

2200021

Time : 3 Hours] [Total Marks : 100

**સૂચના :** પરીક્ષાર્થીએ પોતાનું નામ, ગામ કે સરનામું કે કોઈ ઓળખ ઉત્તરવહીમાં ક્યાંય પણ લખવી નહીં.

૧ નીચેના પરિચ્છેદનું ૧/૩ ભાગમાં સાર લેખન કરો અને તેને યોગ્ય શીર્ષક આપો : ૧૦

આપણને કંઈક એવો ખ્યાલ હોય કે અત્યારે જે લોકોના હાથમાં રાજવહીવટની સત્તા છે તેને બદલે તે આપણા હાથમાં આવે તો આપણે વધારે કામ કરી શકીએ, તો એ ખ્યાલ ભૂલભરેલો છે. ખુદ મારા હાથમાં સત્તા હોત તો હું પણ ઝાઝું કામ ન કરી શકત. એનું કારણ એ છે કે સરકાર કદી ક્રાંતિકારી હોતી નથી. સરકાર તો આમજનતાનું પ્રતિબિંબ હોય છે. એને જ લોકશાહી કહે છે. લોકો બૂરી વસ્તુ પસંદ કરશે, તો લોકશાહી સરકાર પણ બૂરી વસ્તુ પસંદ કરશે. વધુમતી સંખ્યાને દારૂ પીવો હશે, તો સરકાર દારૂબંધી નહીં કરી શકે. કોઈ સરકાર કાયદાથી ન્યાતજાત વગરનો સમાજ રચી શકશે ખરી કે ? સરકાર જો ખરેખર પ્રજાસત્તાક હોય, તો એમાં પ્રજાનું દર્શન થયા વિના કેમ રહે ? એથી ઊલટી સ્થિતિ હશે તો એ સરકાર સારી હશે તો યે લોકશાહી સરકાર નહીં હોય, આથી જે લોકો નવો સમાજ રચવા માગે છે તેમને રાજ્યસત્તાનું ક્ષેત્ર છોડીને કામ કરવું પડે છે અને તેવા કામમાંથી જ ક્રાંતિ કરવાને જરૂરી સત્તા એ લોકો મેળવે છે. બુદ્ધ ભગવાન સમાજમાં ક્રાંતિ કરાવવા માગતા હતા, એટલે તો એમને પોતાના હાથમાં હતું તે રાજ્ય પણ છોડવું પડેલું.

રાજ્યસત્તા હાથમાં રાખીને તેઓ ક્રાંતિ ન કરાવી શકત — બહુ તો એક સારા રાજા થઈ ગયા હોત, પરન્તુ ક્રાંતિકાર ન થયા હોત. અકબર ઘણો સારો રાજા હતો, પણ તે ક્રાંતિકારી નહોતો. બુદ્ધે ક્રાંતિ કરી, ઈશુએ ક્રાંતિ કરી, ગાંધીજીએ ક્રાંતિ કરી; પરન્તુ એ સૌએ ઉપાસના કરી નૈતિક શક્તિની. નૈતિક શક્તિ નિર્માણ કરવાનું સરકારનું ગજું હોતું નથી. તે તો એ શક્તિની પાછળ પાછળ ચાલે છે.

- વિનોબા ભાવે

(જ) ...

૨ તમારા વિસ્તારમાં થયેલી ગંદકીના ઉપાય માટે મ્યુનિસિપાલિટીના આરોગ્ય ખાતાને પત્ર લખો. ૧૦

**અથવા**

૨ બોર્ડની પરીક્ષામાં નાપાસ થવાને કારણે હતાશ થયેલા તમારા મિત્રને આશ્વાસન આપતો પત્ર લખો. ૧૦

૩ વૃક્ષો કપાતાં અટકે અને જંગલની જાળવણી થાય એ અંગે વર્તમાનપત્રને ચર્ચાપત્ર લખો. ૧૦

**અથવા**

૩ શિક્ષણનું માધ્યમ માતૃભાષા કે અન્ય ભાષા હોવી જોઈએ એ વિશેના તમારા વિચારો વર્તમાનપત્રને ચર્ચાપત્રરૂપે જણાવો. ૧૦

૪ અતિવૃષ્ટિને કારણે શહેરમાં થયેલી તારાજીનો અહેવાલ વર્તમાનપત્રને મોકલો. ૧૦

**અથવા**

૪ મહિલા સબઈન્સ્પેક્ટરે વાહનચાલક યુવતીને તમાચો મારતા મામલો બિચક્યો હતો - તેનો આંખે દેખ્યો અહેવાલ વર્તમાનપત્ર માટે તૈયાર કરો. ૧૦

૫ નીચેનામાંથી કોઈ પણ એક વિષય પર નિબંધ લખો : ૨૦

(૧) તમારું ભાવિ તમારા જ હાથમાં

(૨) મારા સ્વપ્નનું ભારત

(૩) આજના શિક્ષણની સ્થિતિ-ગતિ

(૪) ઉપવાસ : એક હથિયાર

(૫) આપણો નાગરિક ધર્મ

૬ નીચેનામાંથી કોઈ પણ બેનો વિચારવિસ્તાર કરો : ૧૦

(૧) કદમ અસ્થિર હો તેને કદી રસ્તો નથી જડતો,
અડગમનના મુસાફરને હિમાલય પણ નથી નડતો.

(૨) કોઈનોય સ્નેહ ઓછો હોતો નથી,
આપણી અપેક્ષાઓ જ વધારે હોય છે.

(૩) વ્યક્તિ મટી હું બનું વિશ્વ માનવી,
માથે ધરું ધૂળ વસુન્ધરાની.

૭ (ક) સંધિ છૂટી પાડો : (કોઈ પણ **બે**) ૨

ગાયક

ઉન્નતિ

મહેશ

જગદંબા

(ખ) સમાસોનો વિગ્રહ કરી તેને ઓળખાવો : (કોઈ પણ **બે**) ૨

લાભાલાભ

બાહુબળ

ગિરિધર

ઘોડાગાડી

(ગ) સમાનાર્થી શબ્દ આપો : (કોઈ પણ **બે**) ૨

વિપુલ

નિર્ભય

દીન

રાત્રિ

(ઘ) વિરુદ્ધાર્થી શબ્દ આપો : (કોઈ પણ **બે**) ૨

અભિમાની

અનુકૂળતા

અતિવૃષ્ટિ

પ્રાચીન

(ચ) સાચી જોડણી લખો : (કોઈ પણ **બે**) ૨

કિર્તી

સુશ્રુશા

કારકીર્દી

નીમણૂંક

(છ) શબ્દસમૂહ માટે એક શબ્દ આપો : (કોઈ પણ **બે**) ૨

(૧) સાચવી રાખવા સોંપેલી વસ્તુ

(૨) જેનો કોઈ શત્રુ નથી તેવો

(૩) પગથી માંડીને માથા સુધી

(૪) જેમાંથી વસ્તુ ખૂટે નહિ તેવું પાત્ર

(જ) કહેવતોના અર્થ સ્પષ્ટ કરો (કોઈ પણ બે) ૪

(૧) દુકાળમાં અધિક માસ

(૨) ધરમ કરતાં ધાડ પડવી

(૩) મગનું નામ મરી ન પાડવું

(૪) સૂંઠના ગાંગડે ગાંધી

(ઝ) રૂઢિપ્રયોગોનો અર્થ સમજાવી તેનો વાક્યમાં પ્રયોગ કરો : (કોઈ પણ ત્રણ) ૬

(૧) આંખ લાલ કરવી

(૨) કૂખ લજાવવી

(૩) ખાંડાની ધારે ચાલવું

(૪) ઈડરિયો ગઢ જીતવો

(૫) મોંમાં આંગળાં નાખવાં

(૬) ઠંડે પાણીએ નાહી નાખવું

૮ નીચેના પરિચ્છેદનો અંગ્રેજીમાં અનુવાદ કરો : ૧૦

પુસ્તકાલય એ જ્ઞાન પ્રાપ્ત કરવા માટેનું મહત્ત્વનું સાધન છે. મનુષ્યના આત્માના, મનના તથા બુદ્ધિના વિકાસ માટે જ્ઞાન આવશ્યક છે. જ્ઞાન જેવું પવિત્ર જગતમાં બીજું કશું નથી. અજ્ઞાન જો અંધકાર છે, તો જ્ઞાન એ જ્યોતિનું સ્વરૂપ છે. આ જ્ઞાન આપણને પુસ્તકાલયમાંથી મળે છે, કારણ કે પુસ્તકાલયમાં ભિન્ન ભિન્ન શાખાઓના ગ્રંથો સંચવાયા હોય છે. શિક્ષિત લોકો માટે પુસ્તકો આશીર્વાદ સમાન છે. વ્યક્તિત્વના સર્વાંગી વિકાસ માટે પુસ્તકાલય ઉત્તમ સાધન બની રહે છે. અનેક મહાપુરુષોએ પુસ્તકાલયોનો ઉપયોગ કરીને પોતાના વ્યક્તિત્વનો વિકાસ કર્યો છે. પુસ્તકાલયને 'લોકશાહીનું મંદિર' કે મોટું તીર્થસ્થાન પણ માનવામાં આવે છે.

---